૫૪૨૮

...રત સોખીન ગરબાવળી.

ગરબી માહાતમની.

આજ લાજ લીધી પાતળીયા પ્યારે. ટેક
સૌ સખી જમુનાયે ગઈતી, નારી સ્વભાવે નગ્ન થઈતી
ત્યાં કાનો આવી પહોંચ્યો કંઈથીરે બેન, આજ ૧
સૌનું મન ન્હાવાનું નીરમાં, ચોળીસ સણગાર વીંટયા ચીરમાં
સાચવી મેહેલ્યાં જમનાં તીરમાંરે. બેન આજ ૨
ત્યાં નંદજીનો સુત નડયો, ચીર લઈ કદમપર ચડયો,
અમે દીઠાને ધ્રાસકો પડયોરે બેન આજ ૩
એણે ચોરી કરી ચીર લીધાં, છતાં દેખતાંને આંધલા કીધા
લાગી પગેતોએ ના દીધાંરે બેન, આજ ૪
આવ્યો નગ્ન જોવાને અનાડી, કદમપર વાસલી વગાડી
સૌને ઉઘડે શરીરે કહાડીરે બેન. આ
કોઈ કામા કદમ થડે બાજી, કેશ ઢાંકીને ઉભી
કોઈ ઢુંટીયાં વાલી બહુ લાજીરે
સૌ સામાને કાયર કીધી, ન

વસ્ત્ર આપ્યા કાયા ઢાંકી દીધીરે બેન, આજ
વસ્ત્ર વીનાં ઘણાં લાજી મરીએ, હવે દામોદરથી ડરિયે,
બનાવનારના વાલાને સું કરિયે બેન. આજ

ગરબો.

જાઓ જોર જુઓ જમોડા બાલનું ટેક
હું તો પાછી આવી જોર જાણી, કાનો થઇ બેઠોછે દાણી,
પેલી રાધાની ચુંદડી તાણીરે બેન જાઓ ૧
એતો મહીનાં માટ ખુંચી લેતો, કોઇ નારને નજાવા દેતો
મદ ભરેલો જોયો મેં તોરે, બેન, જાઓ ૨
વાંકુ જોઇને નજર નર નાંખે, જેમ આવે તેમ ભુંડું ભાખે
રસ્તે સખીયોને રોકી રાખેરે બેન. જાઓ ૩
દાણ દમી દઇને લેછે, જે સાંમાની શાલામાં રહેછે,
તેને જાણી જોઇ જાવા દેછેરે, બેન જાઓ. ૪
કેમ આવડું દુખ ખમી રહીએ, ચાલો નંદજી તે પાસે જઇએ
બનાવનારના નાથની, વાત કરીએરે બેન જાઓ ૫

ગરબી

મ સલુણા કુંવર નંદનારે લાલ,
નાખ્યા ફંદમાંરે લાલ. ટેક
વા નીસરીરે લાલ,
મરીરે લાલ, શામ ૧

હું તો ગાવડી તે દોવા નીસરીરે લોલ;
દોણો લીધોને તામડી વીસરીરે લોલ. શામ ૨
હું તો દરશન કરવાને નીસરરે લોલ,
શાસુ પે થાને ગોળી વીસરીરે લોલ. શામ ૩
હું તો જમુના તે જલને નીસરીરે લોલ,
ગાગર લીધીને ઘડો વીસરીરે લોલ. શામ ૪
જમતાં તે જાણુ સાંભર્યારે લોલ,
કહેના ઉતરે કોળીયારે લોલ, શામ ૫
વલભના સ્વામી શ્રી હરીરે લોલ,
તન મનથી હું તમને વરીરે લોલ. શામ ૬

ગરબો ૧.

જવાદો મુને માને શેરીકો વાટમાં,
હાંરે દાણ લેવા સરખા નથી માટમાં. ટેક.
આજતો હમારે મન કામનો દીનછે
હાંરે મારે એકલા જવુંછે નાતમાં. જવા ૧
મારારે સમ મારી ગાગર નાની હાંરે જળભરવા.
જમનાજીનાં ઘાટમાં જવા ૨
સગળી સહીયરો ઉભી જમનાંને તીરે,
હાંરે તેને વચન આપ્યાછે હાથમાં. જવા ૩
મોતીના નાથને સંગે લઇને,

હાંરે મારે જવું સઇચરોની સાથમાં. જવા ૪

ગરબી ૨

હું વાત કહું ઉભા રહોને અલબેલી,
હાંરે દાણ રીતનાં ઘટે તે જાઓ મેલી હું વાત ૧
કયાંથી આવોછો આજ રમ ઝુમ કરતા,
હાંરે આજ કયાંછે સંગની સાહેલી. હું વાત ૨
ઘુંઘટ તાંણીને શું જોરમાંરે જાઓછો,
હાંરે નથી દેતાં જવાબ મન મેલી. હું વાત ૩
ધ્યાન ધરીને સું ધ્યાનમાંરે જાઓછો.
હાંરે આજ બોણી કરવીછે મારે પેહેલી. હું વાત ૪
મોતીના નાથને તું છે પ્યારી,
હાંરે ગણુ દહાડે થઇછું આજ ભેળી હું વાત. ૫

હારે રસિયા મુને જાવા દીજે, તારૂં દાણ થાય તે લીજેરે રસિયા મુને. ટેક

હાંરે હું તો ગોકુલની બ્રીજનારી, હાંરે હું તો મહી વેચવાને ચાલી હાંરે મારગડે આલનકીજે. રસિયા મુને. ૧

હાંરે હું તો બ્રખુ ભાણની છોરી, હાંરે મારે માથે મહીનાં ગોલી, હાંરે લ્યો ખાતા ગોરસ પીજેરે, રસિયા મુને ૨

હાંરે મારી સંગની સાહેલીઓ ચાલી, હાંરે મને રોકી રહયા ગીરધારી, હાંરે મારગથી અલગા રહીજેરે. રસિયા મુને ૩

બાઈ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
તન મન અરપાણુ કીજેરે. રસિયા મુને ૪

ગરબી

ગીરધારીરે વાત કહુંછું વીવાગે, મુને મોહન આંખ્ય નમારો,
મુને જાતાંરે મારગડે સોહવાગે મારો પાલવડો નવ ઝાલો. ટેક.

ઝુલણ

મુને રોકીને શું ઉભારોરે, જુઓ જુવેછે લોક હજારોરે આશો।
પડયો સ્વભાવ નઠારોરે, વનમાળીરે થાશે ઘણો ફટકારો મુને મો ૧
પ્રભુ મારારે આમ ના કીજે વાટે, ઠીક રહીએ પોતાને ઘાટે, નથી
મળતીરે પ્રીત બજારે હાટે, કાંઈ જોર જુલમની સાટે.

ઝુલણ

નથી જાણતા ધરમ હમારોરે, અમો અબલા લાજનો ભારોરે,
નથી રાખતા કંઈ એક આરોરે, રસીઆજીરે પ્રીતતણો પંથ
ન્યારો, મુને મોહન. ૨.
હજુ સાંખીરે રહીછું વાલમ વારૂં, હવે કહીશ કૈક નઠારૂ, ન
થી કેતીરે હું સમજી શા સારૂં મુને લાગેછે કાંઈ પ્યારૂં

ઝુલણ

પછી જાશે ભાર તમારોરે નહીં વાંક હમારો લગારોરે, એમાં
લાભ નથી કાંઇ સારોરે, અલબેલારે છાનાં માનાં સધારો મુને મો ૩
પાતળીઆરે વાત કહું એક છાની; તમો સાચી લેજો માની

અધરાતેરે મંદીરીએ મજુ આવો સુખે લ્યો લાખેણો લહાવો.

ઝુલણ

પછી રાખશોના કંઈ ઉધારોરે, મારા જોબનના મદન ઉતારોરે મારા તનનાં તાપ વીતાડોરે, ગુણવંતારે છોટમદાસ તમારો મને મોહન આંખનાં મારો.

ગરબી

નંદના લાલારે, ચાલો ચતુર વિચારી, કેમ રોકોછો પરનારી. છેલા છેકજરે છોકરવાદી મુધારી મારો તંબોલની પીચકારી.

ઝુલણ

હોય કુળવંત કોઈ કુમારીરે, તેતો લાજ ધરે શિરભારીરે, થયા નિર્લજ તમે ગીરધારીરે, લોક લાજથીરે ચાલિયે સામ વિચારી કેમ રોકોછો પરનારી.

ડાહ્યાપણ રાખે રે દિલ તિશે દામોદરજી, પછી જેવી તમારી મરજી' હું તો કહુંછું રે સામળિયા કરી અરજી, તમો અંતર વીચારોને હરજી, કામ પડે ગોવંદજી જ્યારે, પિયા સમજાવી એ આણસારેરે, તેનાં ત્રીજુ નાં જાણે દીલદારરે દાવ પેચથીરે

કરીયે જારી વિજારી કેમ રોકોછો પનારી.

રીતે ચાલતાંરે આળ કદી નહીં આવે, જારી વીજારી રમીએ દાવે. વધે શોભારે લગ્નના રોધરે ભાવે, એમસમજો હરિ હાવે, ગોળ ખુણે પોતાનો ખાઈયેરે પરનારી કુડળનાં જઈએરે,

સામ સંદિર આણા થઇચેરે,

મન સમજીરે ચાલો તમો ગીરધારી કેમ રોકોછો પરનારી.
મન જાણજોરે અમો તમારી છું દાસી અળગા નવ કરો અવીનાસી. અમો જાણિયારે હૈયા કેરા વિલાસી, પણ ડરં જગતની હાંસી.
દયા રાખજો ગરૂડા ગામીરે, અમો કહીએ તમોને શીશ નામીરે, રોજ મળજો માણીનાં સ્વામીરે દયા ધારીરે, અંતરમાં ગીરધારી, કેમ રોકોછો પરનારી.

ગરબી

આ રંગની શીશી રંગે ભરીરે. રંગ ભીજેછે.
ભીજે કે માહારાજ, ગુલાબી રંગ ભીજેછે. ટેક
ચીની ચસાણુ તેલ ભરીરે, રંગ ભીજેછે.
મરદન કરતા જાવ, ગુલાબી રંગ ભીજેછે. આરંગની.
તાંબા તે કુંડી જળે ભરીરે રંગ ભીજેછે.
તમો નાવાણુ કરતાં જાવ ગુલાબી રંગ ભીજેછે. આરંગની
સીરા પુરી લાબશીરે રંગ ભીજેછે,
હાંરે તમો આરોગન કરતા જાવ ગુલાબી રંગ ભીજેછે. આરંગ
પાન સોપારી એલચીરે રગ ભીજેછે,
તમો મુખવાશ કરતા જાવ ગુલાબી રંગ ભીજેછે આરંગની
સાગ સીસમનાં ઘોલીઆંરે રંગ ભીજેછે.

તમો પોઢણ કરતા જાવ ગુલાબી રંગ ભીનેજછે. આરંગની.
સોનાં રૂપાનાં સોગટતા રંગ ભીનેજછે,
હાતમો રમત રમતા જાવ ગુલાબી રંગ ભીનેજછે આરંગની.

ગરબી

રંગ ખેલે અમીર, નેનોકાં મારા મર ગયા ફકીર રંગ ટેક બેવખત
કંચે પકે પાનકી બીડીયા, બના દઉં ખાય ગચે ગોસંઇડા
રેહે ગએ અમીર, નેનોકા મારા મર ગયા ફકીર રંગ ખેલે.
સોનેકી ઠાલીમેં ઘઉંકા પલોટા, ખાઈ ગચે ગોસંઈડા રેહેગ
એ અમીર નેનેકા મારા મર ગયા ફકીર રંગ ખેલે અમીર. ૨
ચુન ચુન કલીયાં સેજે બીછાઇ લેટ ગયો ગોસયડા રહેગચે
અમીર નેનોકા મારા મરગયા ફકીર રંગ ખેલે ૩

ગરબી બાગની

હાંરે ચાલો ચાલો સેહેલાણી જઈએ બાગમાંરે,
હાંરે બાગમાં બાગમાં બાગમાંરે, ચાલો ચાલો સેહેલાણી જઈએ બાગમાંરે
હાંરે ચીની ચલાણાં તેલ ભરારે, મરદન કરીશું રંગ રંગમાંરે, ચાલો ચાલો શેહેલાણી
હાંરે તાંબાતે કુંડી જલે ભરીરે ,નાવણ કરીશું રંગ રાગમાંરે ચાલો ચાલો શેહેલાણી.
હાંરે બરફીને પેંડા લઇશું સાથમાંરે, હાંરે ખાવન કરીશું રંગરાગમાં રે ચાલો ચાલો શેહેલાણી

હાંરે પાન સોપારીને એલચીરે, હાંરે મુખવાસ કરીશું રંગ રાગમાંરે.
આવો આવો શેહેલાણી.
હાંરે સાગ સીસમનાં ઘોલીઆરે હાંરે પોઢીશુ પોઢાવીશુ રંગરાગમાંરે
આવો આવો શેહેલાણી.
હાંરે સોના રૂપાનાં સોગઠારે, હાંરે તમો રમત રમતા રંગ રાગમાંરે.
આવો આવો શેહેલાણી.

ગરબી

મંદીર આવો રાજ કાનુડા,
હસીને બોલાવો આજ કાનુડા,
લઇએ લાહાવો આજ કાનુડા,
મારા મનમાં ભાવો લાલ, તેમ તમે મન લાવો મંદર આવો
ઘણાંદીવસનો દાવો આજ લાગ મળ્યોછે હાવો. મંદીર ૧
સુણો ઘનસ્યામ પૂરણ કામ
અમો અબળા જનના તમો સદન વીરામ સદન વીરામ
હું છું દાસી તમારે નામ, ઠરવાનો આ ઠામ મંદીર
રજનો આમ ચારે જામ, રાખીસ મારે ધામ મંદીર ૨
તનમાં તાપ વીરહ કઠોર,
ફટક ફટક ફડ ફડતી કાલ જકોર,
સુણો અલબેલા નંદ કીશોર, મારા ચિત્તના ચોર મંદીર ૩
જીવતડાની દોર, હાથ તમારે મારૂં જોર મંદીર

જીવ અકળાય, ઘડી ન સહેવાય
રાત દીવસ તન ધીકતું, મન અમુંઝાય મન અમુંઝાય
સમજ પડે નહીં આંસું થાય, મુખડે ન કહેવાય મંદીર ૪
ચીતડું ચકડોળાય, ઘરમાં ખાવા ધાય મંદીર૦
લલી લલી પાય લાગું લાલ
ઉલટ સુલટ નવ કરીએ ધરીએ વહાલ, ધરીએ વહાલ,
ગીરધર દાસ તણા પતીપાળ, ગુણનીધી કૃષ્ણલાલ મંદીર૦
આજ લગણનું જુઠું આળ, ફેડી કરીએ ન્યાલ મંદીર ૫

ગરબો

હરી ઘેલડા ગાણાસો ઘણું લાજશોજી રાજ
રહો વેગળા મુને મોહન બાઝસોજી રાજ૦ હરી.
હું છું ભોલી સાંકલી નથી સાથમાંજી રાજ
ભુલી પડી તયી આવી ચડી હાથમાંજી રાજ
નથી જાણતા અજાણ છોજી છેકમાંજી રાજ
બાર રાખીયે પોતાનો રહી ટેકમાંજી રાજ
હજી છુટી નથી ટેવ છોકરવાદનીજી રાજ
નથી લાજ કશી લોક અપવાદજી રાજ
હું છું લાજની ભરેલી ત્રીયા જાતમાંજી રાજ
મારે માથે આળ આવે સેજ વાતમાંજી રાજ

જુઓ આમ પેલા લોક જુએ આપણેરેજી રાજ
એબ લાગશે તમારા માબાપનેજી રાજ
છેક આમશું પડયાછો મોટી ભ્રાંતમાંજી રાજ
ઝીણી વાત એક કહીસ હું એકાંતમાંજી રાજ
મારા સમછે મુને હવાણાં જવાદીજીએજી રાજ
વખત આવે ત્યારે મનનું ધાર્યું કરીએજી રાજ
હું છું આપની તમોછો હરી માહારાજી રાજ
મનુ ગીરધર તણા ગુણ લાહરાજી રાજ

ગરબી

રાગ કેરબાનો.

બ્રખુ ભાનકી લલી, સામજી એસેં નંદલાલસગાકે ચલી
આવોજી સામજો મેરી ગલી ઠાડે રહો લાલજીમે કબકી ખડી બ્રખુ
હાથમેં છે ગજરા ગુલાબી છડી
પાંઉમે ઝાંઝર બજાવતી ચલી, બ્રખુ
આંખો ભરે સુર મેને મુખમાં ભરે પાન
છોટી છે રાધા એતમા ગુમાન બ્રખુ
બાઈ મીરાં કહે મનુ ધીર ગંભીર,
ગોવાલણી કું, મીલ ગયે જમનાં કે તીર બ્રખુ

ગરબી

ગગરી ઉતારરે વનમાળી, -મટુકા ઉતારરે વનમાળી,

ઉતાર ઉતાર ઉતાર જલદી ઉતારરે વનમાળી,
મેરે શીર પર હો ગઈ ભારી ગગરી ટેક
સુનેકી ગગરી ને રૂપલા ઊંઢાણી,
ભરગઈ રાધે પ્યારી ગગરી ૧
મેં પેહેરી કસુંબલ સાડી તેરે મુગટકી છબ ન્યારી ગગરી ૨
જગ જમનાકી ચીકણીમ ટોડીઆં લસગઈ રાધે પ્યારી ગગરી ૩
મેં પેહેરી જરકસી ચોળી તેરી મોરલીકી છબ ન્યારી ગગરી ૪
મેં પેહરી મોતનકી માળા તેરે ગુંજમાળકી છબ ન્યારી ગગરી ૫
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર ચરણકમળ પરવારી ગગરી ૬

ગરબી ગઝલનો લાલ

સબ મીલકે બ્રીજ નારી, લેકે ગેડ હાથમે સારી, ખેલે જોબન મતવારી આઓ મોરારી લેકે ગેડ ઉ નોકી પ્યારી જમનામેં ફેંકે મોરારી ૧ સબમીલકે.

દોડા દોડા સખીયા સારી, જાને પાવેન મોરારી
રચના ખુબશી હુશીયારી, ગરે મીલ સારી
ચુકા કર કર કેહે મોરારી, લાવોજી ગેન હમારી ૨ સબમીલકે
કરકે મનસુબા સબનારી દોડોમાર કે કીલકારી પકડો કાનાકો મીલસારી દેકે ઉશકો ગારી કયું બાજી હમારી બીગાડી તુમ કાહાના હોકે અનાડી ૩ સબમીલકે
અપના છોડુંગો કાના જો તુમ લાખ કરોગે

બાના દેખો આખરકો પસતાના માનો મોરારી
જમનામે કુદવારી લાવો ગેંડ હમારી ૪ સબમીલકે
રશીયા કેહેતા હે ગુનકારી રાજાસાહેબ કાઉપકારી અબકે હમ દુખ
ભારી કરો મેહેરબાની
રાજા દુલે શીયાજી વેપારી સબ ગોપીયાંહે બલીહારી

ગરબી

રાગ બન જારાનો.

મન મોહન કરે ધીગાનાં કહો પન ઘટ કેશોજાના
કહે સખીયનશો પનહારી ચલો પન ઘટ મીલકર સારી નીર
નીરમલ ભર કરલાના કહો ૧
નારીની કરી અપને ઘરસે તન શાજ ધજ કર
ઝેવરશે પેહેન પાતલ અંગ શોહાનાં કહો ૨
સીશ ઘડા હાથ મેઝારી ચલી ઠુમકત ઠુમકત પ્યારી
જયું ચલે હાથી મસતાના કોહો ૩
ગોરી પતલી કમર લચકાવે જેસે મસ્તનાગ
મચલાવે દેખ આશક હુવા હેયે દીવાના કહો ૪
જાકુવેપે ચંચળ ઠારી જળ ભરને લગી મતવારી
સબ સખીયાં ગાવે ગાનાં કોહો ૫
કેહે સુંદરશો પીયુ પ્યારા, તેરી અદાને મુજકો મારા

તું શમાં મેચે હું પરવાગ કે.હો ૬

બોલી મોહનશો મતવાલી ચલ શરકન દઉંગી ગાલી

મત હુરી હમ કુશ તાનાં કોહા ૭

ગરબી દાદરો

કે મને ભુલી ગયોછે મારો છેલડોરે લોલ

ખોટી ખોટી કાનુડા તારી મીત મારા રાજ મને ભુલી

મને નીદ્રા ન આવે સખી શું કરૂં રે

મારે ખોલડે નાનેરો બાલ મારા રાજ મને ભુલી

મારી સુની પડીછે મારી સેજડીરે

રોતાં રોતાં કંઈ રજની વીતી જાય મારા રાજ મને ભુલી

મને કાગળ ન આવ્યો હરી હાથનોરે

એવા કપટી છે જાદવરાય મારા રાજ મને ભુલી

સખી હુંતો જુંજુંછું મારા નાથનેરે

એવા કેમ ન મેંડગ થયા નાથ મારા રાજ મને ભુલી

નરસંઈયાના સ્વામીને વીનવુંરે

મેહેતા કર જોડીને લાગું પાય મારા રાજ મને ભુલી

ઠુમરી ટેક

કાના શુણો ને બાત હમારા હિમારી અઈગા નપ ડો મોરાગીરે—ટેક

પીયુજી હુનાતાછેરે નઠારા—શાગુ ભુડી ને કપટીછે શાથરો

હુંતો પર ઘરની હું નારીરે કાન લાજ મુકીને થયાછો નઠારા

મારગમાં ગેકોઈ શારા
મારગ દો મારા પ્યારારે કાન' શુણોને વાત હમારી

ગરબો

કહીઓજ શોદાશી જાએ કનયા મોશી ગાલીરે દીની કૈનયા મોશી ગા
લીરે દીની જે વખત.
ગાલીબી દીની ગગરીયા બી છીની ચોલીમે ગઇલટ લીની કનૈયા
મોશી ગાલીરે દીની
હાથમે બાંસુરીઆને ખાંઢે કમરીઆ શામરી શુરત ભીની ભીનીરે
કનૈયા મોશી ગાલીરે દીની

ગરબો લાવણી રાગની

મે ભરી નીંદમેં સુઇ કશનને લુટી
તું કામણ કરો કયાં જાય, નંદલાલ હરી
તારી બસી ડંસી, સરપણ ઝાઝી ઝેરી ટેક.
તારી બંસી સુણીને, આવી લોકરા છાંડી
બહુ બની ગઇ ગુલતાન, કેવી થઇ ગાંડી
જેમ ઉનાળે હીંડોળે, ચડછે કેરી તારી બંસી ૧
મેમેલી માતની લાજ, કાજ મહુ ભુલી
પીઉજીને પડતો મેલી, ફંદમાં ફુલી
મારાં સગાં સહોદર, અરવે કર્યા મે વેહરી તારી બંસી ૨
તારે માથે મુગટ ચળકે, ઝળકે મોતી

પીળો પટકો લટકે ચટકો હું તો જોતી
મને મોહ લગાડયો, પીળું પીતાંબર પેહેરી તારી બંસી ૩
તારૂં રૂપ ભુપ અનુપ જોઇને મોહીયે
તુજ વિના કાલો કામ, કરો કયાં કહીયે
ગોપી ઘેરવાને આમ, રહ્યોછો ઘેરી તારી બંસી ૪
શું ઉડયો તમારો ભાવ, લાડવા નથી લેતા
હું પલ્લો પકડી રહી, ઉત્તરશો દેતા
મારા ઉપર નથી નેહ, નજર કયાં ઠેરી તારી બંસી ૫
જવાનો કરોછો વિચાર, હું સમજી ગઇછુ
પણ કેમ જવા દઉં પાલવ પકડી રહ છું
સુંના સો વલભ નાથ, મગદ છોડે મેહરી તારી બંસી ૬

સમાપ્ત.

"ધી રાઇઝીંગ સ્ટાર" પ્રીન્ટીંગ પ્રેસ સુરત મોટા મંદીર પાસે

જાહેર ખબર.

આ ચોપડી તથા બીજી જાતની રાજે ચોપડીઓ બુકસેલર શા૦ કાલીદાસ ભગવાનદાસની દુકાનેથી મળશે.

જથાબંધ લેનારને કમીશન આપવામાં આવશે નાટ.પેડ કાગળ લેવામા આવશે નહીં.

ચોપડીની યાદીઓ

એ સીવાય બીજી સર્વે જાતની ચોપડીઓ જથાબંધ તથા છુટક વેચવામાં આવશે જથાબંધ લેનારને કમીશન આપવામા આવશે.

બુકસેલર કાલીદાસ ભગવાનદાસ સુરત વાડીફળીઆ રણછોડદાસ વકીલની શેરીમાં.

બત્રીસ પુતળી	૧-૧૨-૦	નવીન ગરબાવળી	૦-૬-૦
જાલંધર	૧-૦-૦	સુરત સોબીન ગરબાવળી	૦-૩-૦
ગુડાગોતેરી	૧-૪-૦	બાળવીધવા નાટક	૦-૪-૦
ચંદ્રક. રમુજી	૦-૮-૦	સુભદ્રાની વારતા	૦-૬-૦
મડાપચીશી	૦-૬-૦	સુંદર વીલાસ	૦-૮-૦
રામાયણ નાની	૦-૬-૦	રામાયણ મોટી	૦-૧૨-૦
છટકેલી છીનાલ	૦-૧-૦	પ્રભાતીઆં	૦-૨-૦
ચતુર જોગરબા	૦-૬-૦	સુંદર મનોહર ગાયન	૦-૪-૦